# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 27-08-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી જાપાન અને ચીનના સત્તાવાર પ્રવાસે જશે.

2) કૃષિ સંલગ્ન ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગ વધુ ગાઢ બનાવવા ભારત અને દક્ષિણ આફ્રિકાનો નિર્ણય

3) જમ્મુ કાશ્મીરમાં ભારે વરસાદના કારણે 10 ના મોત – માતા વૈષ્ણો દેવી મંદિરની યાત્રા સ્થગિત કરાઇ.

4) આગામી 4-5 દિવસ સુધી દેશના ઉત્તરપશ્ચિમ, મધ્ય અને પૂર્વીય ભાગોમાં ભારે વરસાદની આગાહી

5) આજે ગણેશ ચતુર્થીના તહેવારની દેશ સહિત રાજ્યભરમાં ઉજવણી

6) કોમનવેલ્થ વેઈટલિફ્ટિંગ ચેમ્પિયનશિપમાં 11 સુવર્ણ અને 3 રજત સાથે કુલ 14 ચંદ્રક સાથે જીતી ભારતનો ડંકો

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM MODI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી જાપાન અને ચીનના સત્તાવાર પ્રવાસે જશે. આગમી 29 અને 30મી ઑગસ્ટના તેમની મુલાકાત દરમિયાન, પ્રધાનમંત્રી મોદી તેમના જાપાની સમકક્ષ શિગેરુ ઇશિબા સાથે 15મી ભારત-જાપાન વાર્ષિક શિખર સંમેલન યોજશે. વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ નવી દિલ્હીમાં મીડિયા સાથે પીએમ મોદીની જાપાન મુલાકાતની વિગતો જાહેર કરી હતી.

ચીનમાં, પ્રધાનમંત્રી 31 ઓગસ્ટ અને 1 સપ્ટેમ્બરના રોજ તિયાનજિનમાં શાંઘાઈ સહયોગ સંગઠનની 25મી રાજ્ય વડાઓની પરિષદની બેઠકમાં હાજરી આપશે. વિદેશ મંત્રાલયમાં સચિવ (પશ્ચિમ) તન્મય લાલે પ્રધાનમંત્રી મોદીની આગામી ચીન મુલાકાત વિશે મીડિયાને માહિતી આપી.

# INDIA AND SOUTH AFRICA MEETING

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે કૃષિ સંલગ્ન ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગ વધુ ગાઢ બનાવવા માટેની પરિષદ લેવલની 5મી બેઠક ગઈકાલે યોજાઈ.

આ બેઠક દરમિયાન, બંને પક્ષોએ ભારતીય અને દક્ષિણ આફ્રિકાની કૃષિ સંશોધન પરિષદ વચ્ચે સહયોગને વધુ ગાઢ બનાવવા અંગે ચર્ચા કરી. આ બેઠકની સહ-અધ્યક્ષતા કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગના સંયુક્ત સચિવ અજિત કુમાર સાહુ અને દક્ષિણ આફ્રિકાના આંતરરાષ્ટ્રીય વેપાર પ્રમોશનના કાર્યકારી નિર્દેશક થપ્સાના મોલેપોએ કરી હતી.

આ બેઠકનો મુખ્ય ઉદેશ્ય વિવિધ જેમાં કે જ્ઞાન-વિજ્ઞાન ક્ષેત્રે ટેકનોલોજીની સંયુક્ત સંશોધન પહેલ, ક્ષમતા નિર્માણ અને તેના બજાર અંગેના વિવિધ પાસાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

# SHAH - VIBRANT VILLAGE

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે સરહદી વિસ્તારોમાં વસ્તી વિષયક પરિવર્તન દેશ અને તેની સરહદોની સુરક્ષા પર સીધી અસર કરે છે. શ્રી શાહે ગઈકાલે નવી દિલ્હીમાં બે દિવસીય વાઇબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ વર્કશોપના ઉદ્ઘાટન સત્રને સંબોધતા આ વાત કહી હતી.

તેમણે કહ્યું કે મોદી સરકારે સરહદી ગામડાઓમાંથી સ્થળાંતર રોકવા અને 100 ટકા સંતૃપ્તિ પ્રાપ્ત કરવા માટે વાઇબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ શરૂ કર્યો હતો. મંત્રીએ કહ્યું કે વાઇબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ સરહદી ગામડાઓમાં માળખાગત સુવિધા, સંસ્કૃતિ અને પર્યટનના સંરક્ષણ અને પ્રોત્સાહન દ્વારા રોજગારમાં વધારો કરી રહ્યો છે.

તેમણે ભાર મૂક્યો કે અરુણાચલ પ્રદેશમાં વાઇબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ લાગુ કર્યા પછી, ઘણા સરહદી ગામડાઓમાં વસ્તીમાં વધારો થયો છે.

# REV. J&K - RAINFALL

જમ્મુ અને કાશ્મીરમાં, છેલ્લા 24 કલાકથી સતત વરસાદને કારણે પૂરની સ્થિતી સર્જાઈ, વરસાદના કારણે 10 લોકોના મોતના અહેવાલ છે.

પૂરની સ્થિતિને જોતાં માતા વૈષ્ણો દેવી મંદિરની યાત્રા સ્થગિત કરવામાં આવી છે. ભારે વરસાદને કારણે ત્રિકુટા પર્વતોની ટોચ પર મંદિર તરફ જતા માર્ગ પર ભૂસ્ખલનને કારણે છ લોકો માર્યા ગયા છે અને 18 અન્ય ઘાયલ થયા છે. હિમકોટી માર્ગ પણ બંધ કરવામાં આવ્યો છે. ડોડા જિલ્લામાં પણ ચાર લોકોએ જીવ ગુમાવ્યા છે.

જમ્મુ ક્ષેત્રના કેટલાક વિસ્તારોમાં વીજળી પુરવઠો અને ઇન્ટરનેટ સેવાઓ ખોરવાઈ ગઈ હોવાના અહેવાલ છે. કટોકટી સેવાઓ સિવાય તમામ સરકારી કચેરીઓ આવતીકાલે બંધ રહેશે. દરમિયાન, અસરગ્રસ્ત જિલ્લાઓમાં બચાવ કામગીરી અને પૂર સંરક્ષણમાં સામેલ સરકારી અધિકારીઓની રજા રદ કરવામાં આવી છે. અધિકારીઓએ હેલ્પલાઇન નંબર જારી કર્યા છે અને તમામ વિભાગોને સૂચના આપી છે.

આ અંગે વધુ માહિતી આપે છે અમારા સંવાદદાતા શક્તિસિંહ....

(V/C- શક્તિ સિંહ બાઇટ -વરસાદ હેલ્પલાઇન)

તાવી, ચિનાબ, નેરુ અને કાલનાઈ જેવી મુખ્ય નદીઓમાં પાણીનું સ્તર વધી ગયું છે. હવામાન વિભાગે ભારે વરસાદની આગાહી કરી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# PUNJAB - FLOODS

પંજાબના પઠાણકોટ, ગુરદાસપુર, ફાઝિલ્કા, ફિરોઝપુર, હોશિયારપુર, કપૂરથલા અને તરનતારન સહિત સાત જિલ્લાઓ હાઇ એલર્ટ જાહેર કરાયું છે. અમૃતસરમાં પણ ચેતવણી જાહેર કરવામાં આવી છે. રાજ્યભરમાં પૂર નિયંત્રણ રૂમ શરૂ કરવામાં આવ્યા છે.

પંજાબમાં, રાવી, બિયાસ અને સતલુજ નદીઓની કિનારે આવેલા રાજ્યના કેટલાક ભાગોમાં પૂરની સ્થિતિ ગંભીર બની રહી છે. ઘણા જિલ્લાઓમાં એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.પૂરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરી ચાલુ રાખવા માટે તમામ અધિકારીઓની રજાઓ રદ કરવામાં આવી છે.

છેલ્લા 48 કલાકથી વધુ સમયથી પંજાબના કેટલાક ભાગોમાં વરસાદને કારણે અને હિમાચલ પ્રદેશ અને જમ્મુ અને કાશ્મીરમાં છેલ્લા બે થી ત્રણ દિવસથી સતત

વરસાદને કારણે રણજીત સાગર ડેમ અને પોંગ ડેમ મહત્તમ ક્ષમતા સુધી પહોંચી ગયા હોવાથી પાણી છોડવામાં આવ્યું છે.

આ જિલ્લાઓના નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને સલામત સ્થળોએ અથવા રાહત શિબિરોમાં જવા સૂચના આપવામાં આવી છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં ફસાયેલા લોકોને સેના, બીએસએફ, એનડીઆરએફ અને પંજાબ પોલીસ દ્વારા બચાવવામાં આવી રહ્યા છે. પંજાબના જળ સંસાધન મંત્રી, બરિન્દર કુમાર ગોયલે, જે અન્ય લોકો સાથે અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ રહ્યા છે, જણાવ્યું હતું કે લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવા માટે હેલિકોપ્ટર તૈનાત કરવામાં આવ્યા છે.

30 ઓગસ્ટ સુધી તમામ શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી છે અને નાગરિકોને નદી કિનારાથી દૂર રહેવા અને અફવાઓ ફેલાવવાનું અને તેના પર વિશ્વાસ કરવાનું ટાળવા વિનંતી કરવામાં આવી છે.

# WEATHER

ભારતીય હવામાન વિભાગએ આગામી 4-5 દિવસ સુધી દેશના ઉત્તરપશ્ચિમ, મધ્ય અને પૂર્વીય ભાગોમાં ભારે વરસાદની આગાહી કરી છે. IMD એ જણાવ્યું હતું કે છત્તીસગઢ, મહારાષ્ટ્ર અને ઓડિશામાં આવતીકાલે છૂટાછવાયા સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી છે.

જ્યારે ઉત્તરાખંડ, અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ, રાજસ્થાન, ગુજરાત, હરિયાણા, પંજાબ, દિલ્હી, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ, બાલ્ટિસ્તાન, મુઝફ્ફરાબાદ, કર્ણાટક, કેરળ અને માહે, કોંકણ અને ગોવામાં આવતીકાલે ભારે વરસાદ ચાલુ રહેશે. નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, પશ્ચિમ બંગાળ, સિક્કિમ, તમિલનાડુ, પુડુચેરી,

કરાઈકલ, તેલંગાણા અને વિદર્ભમાં પણ આગામી પાંચ દિવસ સુધી આવી જ હવામાન સ્થિતિ રહેવાની શક્યતા છે.

આ દરમિયાન, હવામાન વિભાગે આગામી કેટલાક કલાકો સુધી દિલ્હી-NCRના કેટલાક ભાગોમાં વાવાઝોડા અને વીજળી સાથે ભારે વરસાદની લાલ રંગની ચેતવણી પણ જારી કરી છે.

# CBIC-GST

સેન્ટ્રલ બોર્ડ ઓફ ઇન્ડાયરેક્ટ ટેક્સીસ એન્ડ કસ્ટમ્સ (CBIC) એ લોકોને GST દરો પર અટકળો ટાળવા અનુરોધ કર્યો છે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, CBIC એ જણાવ્યું કે આ સંદર્ભમાં નિર્ણયો GST કાઉન્સિલ દ્વારા સામૂહિક રીતે લેવામાં આવે છે, જેમાં કેન્દ્ર અને રાજ્યોનો સમાવેશ થાય છે.

અનેક વાતો અને અટકળો પાયાવિહોણી અફવાઓને જન્મ આપે છે અને બજારોમાં અસ્થિરતા લાવી શકે છે. CBIC એ તમામ હિસ્સેદારોને આ વર્ષે 3 અને 4 સપ્ટેમ્બરના રોજ GST કાઉન્સિલની બેઠક પછી કરવામાં આવનારી સત્તાવાર જાહેરાતોની રાહ જોવાની સલાહ પણ આપી છે.

# UTSAV

આજે ભાદરવા સુદ ચોથ એટલે ગણેશ ચતુર્થીનો તહેવાર છે આજે દેશ સહિત રાજ્યભરમાં આ પર્વની ઉજવણી થઇ રહી છે. દેશના અન્ય શહેરોની સાથેસાથએ ગુજરાતના અમદાવાદ, વડોદરા, સુરત સહિતના મહાનગરો અને શહેરો અને ગામંડાઓ તેમી ઉલ્લાસ પૂર્વક ઉજવણી થઇ રહી છે. ઓપરેશન સિંદૂર સહિતની થીમ ઉપર ગણશે પંડાલોમાં ડેકોરેશન કરવામાં આવી રહ્યાં છે.

આજે જૈનોના તપ જપ અને ક્ષમાયાચનાના પર્વ સંવત્સરીની પણ આનંદ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે. સમગ્ર રાજયના જૈન દેરાસરોમાં સવારથી જ પ્રતિક્રમણ સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાઇ રહ્યાં છે. આજના આ બંને પર્વની ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નાગરિકોને શુભકામનાઓ પાઠવી છે.

# GANESH CHATURTHI

દેશ અને રાજ્યભરમાં ગણેશ ચતુર્થીની શ્રદ્ધા અને આસ્થા સાથે ઉજવણી થઈ રહી છે. 10 દિવસના ગણેશ ઉત્સવ દરમિયાન લોકો હર્ષ અને ઉલ્લાસ સાથે બાપાની પુજા અર્ચન કરે છે.મહારાષ્ટ્રની સંસ્કૃતિ સૌથી મહત્વપૂર્ણ ઉજવણીઓમાંનો એક માનવામાં આવતો આ ઉત્સવ અનંત ચતુર્દશીના રોજ સમાપ્ત થશે. અમારા સંવાદદાતાનો અહેવાલ.

(વોઇસ કાસ્ટ: PRATHANA-MUMBAI)

# COMMONWEALTH WEIGHTLIFTING

ગુજરાતના અમદાવાદમાં ચાલી રહેલી કોમનવેલ્થ વેઈટલિફ્ટિંગ ચેમ્પિયનશિપના બીજા દિવસે ભારતીય ખેલાડીઓએ 11 સુવર્ણ અને ત્રણ રજત ચંદ્રક સાથે કુલ 14 ચંદ્રક જીતીને શાનદાર પ્રદર્શન કર્યું છે

ગઇકાલે યોજાયેલી સ્પર્ધામાં ભારતીય કોયલ બારે, યુથ અને જુનિયર બંને કેટેગરીમાં વિશ્વ અને કોમનવેલ્થ રેકોર્ડ્સ બનાવ્યો છે જયારે પુરુષ જુનિયર કેટેગરીમાં યશ ખાંડાગલેએ સુવર્ણ ચંદ્રક જીતી, નવા જુનિયર કોમનવેલ્થ રેકોર્ડ્સ પણ બનાવ્યા છે.

આ ઉપરાંત ભારતીય પુરુષ વેઈટલિફ્ટર ખેલાડીઓમા યુથ બોયઝની 65 કિલો કેટેગરીમાં અનિક મોદીએ 238 કિલોના કુલ સ્કોર સાથે સુવર્ણ ચંદ્રક જીત્યો. સિનિયર મેન્સ 65 કિલો કેટેગરીમાં, રાજા મુથુપંડીએ 296 કિલોના કુલ સ્કોર સાથે રજત ચંદ્રક જીત્યો.

સિનિયર વુમન્સ 53 કિલો કેટેગરીમાં ભારતની સ્નેહા સોરેનએ 185 કિલોના કુલ સ્કોર સાથે રજત ચંદ્રક મેળવ્યો છે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે મિત્તલ પટેલ

- મોટાભાગના અખબારોએ આજે અમેરિકાના રાષ્ટ્રપતિ ,ડોનાલ્ડ trump એ લાગુ કરેલ ટેરિફનો આજથી અમલ તેમજ વરસાદથી થયેલ તારાજીને પ્રથમ પાને છાપ્યા છે .
- ભારત પર વધારના 25 ટકા trump ટેરિફનો આજથી અમલ એ ગુજરાત સમાચારનું મથાળું છે.
- નવગુજરાત સમય નોધે છે ,50%ટેરિફ અમલી,8 અબજ અમેરિકન ડોલરની નિકાસ પર ગ્રહણ ..